# ભારતીય જનતા પાર્ટી

ગુજરાત પ્રદેશ

પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com

**પ્રેસનોટ :** તા. ૦૨/૦૨/૨૦૧૦

ભાજપના પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું છે કે, આજ રોજ ભાજપના નવનિયુક્ત અધ્યક્ષશ્રી આર. સી. ફળદુએ ૧૨.૩૯ના શુભ મુહુર્તમાં શ્રી પરશોત્તમભાઈ રૂપાલા તેમજ કેન્દ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી, શ્રી ભીખુભાઈ દલસાણીયા, શ્રી જયંતિભાઈ બારોટ, શ્રી કૌશિકભાઈ પટેલ વગેરે આગેવાનોની ઉપસ્થિતીમાં પ્રદેશ અધ્યક્ષ તરીકેનો ખાનપુર પંડિત દિનદયાલ ભવન ખાતે પદભાર સંભાળેલ.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ કાર્યકર્તાઓને સંબોધતા શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, નાના ગામનો ખેડુતનો દીકરો કાર્યકર્તા બનીને તાલુકા, જીલ્લા, વિધાનસભા અને પક્ષના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળે તે નાનીસુની વાત નથી. નેતૃત્વના ગુણો વિકસાવીને પ્રજાનો તેમજ પક્ષનો વિશ્વાસ સંપાદિત કરી મહત્વની જવાબદારી સંભાળશે.

માન. પ્રદેશ અધ્યક્ષશ્રી આર. સી. ફળદુએ વિશાળ સમીયાણામાં ઉપસ્થિત રહેલ કાર્યકર્તાઓને સંબોધતા જણાવ્યું હતું કે, રૂપાલાજીએ જે રીતે મંગળવારે પ્રદેશ કાર્યાલય, ખાનપુર ખાતે કાર્યકર્તાઓને મળતા હતા તે પરંપરાને આગળ ધપાવશે. કોંગ્રેસના નેતૃત્વવાળી યુ.પી.એ. સરકાર મોંઘવારીને ડામવામાં સદંતર નિષ્ફળ નીવડી છે ત્યારે કુંભકર્ણની નીંદરમાં સુતેલા આ સત્તાધીશોને જગાડવા ભાજપના કાર્યકર્તાઓએ આક્રમક આંદોલન કરી પ્રજાની વાચાને દિલ્હી પહોંચાડવાની છે. વર્ષ ૨૦૦૯ એ સંગઠન પર્વનું વર્ષ રહ્યું છે. ૩૯,૦૦૦ જેટલી સ્થાનિક સમિતિઓમાં ૨૫,૦૦,૦૦૦ જેટલા પ્રાથમિક સભ્યોના માધ્યમથી છેવાડાના માનવીને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ તેમજ ભાજપની વિચારધારાને સુદ્રઢ બનાવવાનું કાર્ય કરવાનું છે.

આ પ્રસંગે કાર્યકર્તાઓએ "ભારતમાતા કી જય", "વંદે માતરમ્", આતશબાજી અને કેસરીયા માહોલમાં પ્રદેશ અધ્યક્ષને વધાવી લીધા હતા.

પદગ્રહણ સમારંભના આ કાર્યક્રમમાં શ્રી ઝવેરભાઈ ચાવડા, કર્ણાવતી મેયરશ્રી કાનાજી ઠાકોર, શ્રી ભરતભાઈ પંડયા, શ્રી રાકેશભાઈ શાહ, પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, સેલ-મોરચાના પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કાઉન્સીલરશ્રીઓ, વિવિધ બોર્ડના આગેવાનો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

નવીન પટેલ
ઓફિસ મંત્રી